# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

જા.ક્ર. :-NSS/સ્પર્ધા/૨૦૨૫/e-mail તા. ૨૪ /૦૨ /૨૦૨૫

પ્રતિ,

- રજીસ્ટારશ્રી,સરકારી યુનિવર્સિટી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ
- રજીસ્ટારશ્રી પ્રાઇવેટ યુનિવર્સિટી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ
- આચાર્યશ્રી, સરકારી કોલેજો, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ
- આચાર્યશ્રી,અનુદાનિત કોલેજો, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ
- આચાર્યશ્રી, સેલ્ફ ફાઈનાન્સ કોલેજો, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ

વિષય: માન. મુખ્યમંત્રીશ્રીના Online ઉદબોધન કાર્યક્રમ અંગે

જય ભારત સહ જણાવવાનું કે, ગુણવંતી ગુજરાતના દીર્ઘદ્રષ્ટા સંસ્કૃતિ પ્રેમી માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, સંસ્કાર સિંચનનો મહાકુંભ અંતર્ગત ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – ૨૦૨૫નું ભવ્ય આયોજન થઈ રહ્યુ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યભરના કોલેજના વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવા, યુવાનોના હૃદયમાં નૈતિક મૂલ્યો સ્થાપિત કરવા અને જાહેરમાં બોલવાની કુશળતા વધારવાનો છે.

માન. મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટિના કુલપતિશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને વિધ્યાર્થીઓને Online ઉદબોધન કરવાના છે. અગત્યના ઓનલાઈન ઉદબોધન કાર્યક્રમમાં તમામ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ના સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને વિધ્યાર્થીઓએ નીચે દર્શાવેલ લીંકમાં અચૂક જોડાવાનું રહેશે .

તા. ૨૫/૨/૨૦૨૫ -મંગળવાર

સમય: બપોરે: 3-45 કલાકે

Link: https://bit.ly/GSVS2025

ઉપરોકત **"ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા-૨૦૨૫"** અંગે વિદ્યાર્થીઓને જાણકારી પ્રાપ્ત થાય તે રીતે પરિપત્ર નોટીસ બોર્ડ પર લગાડી જાહેરાત કરવાની રહેશે. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રેરણા કરશો.

નોંધ પર મળેલ માન.નિયામકશ્રીના આદેશાનુસાર

રાજ્ય એન.એન.એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા., ગાંધીનગર